પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩ | ૧૪ માર્ચ, ૨૦૨૧, રવિવાર; ફાગણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં ફરી સક્રિય કેસ ૨ લાખને પાર

**દેશમાં ૨૪ કલાકમાં ૨૪,૮૪૫ પોઝિટિવ કેસ નોંધાયા : છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૦ લોકોના મોત નિપજ્યા, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૫,૮૧૭ કેસ સામે આવ્યા, ત્યાર બાદ કેરળ, પંજાબ, ગુજરાત અને મધ્યપ્રદેશમાં પણ સંક્રમણ વધ્યું : અત્યાર સુધી સમગ્ર દેશમાં ૨.૨૫ કરોડ લોકોને કોરોના વેક્સિન આપવામાં આવી**



ન્યુ દિલ્હી,તા.૧૩

દેશના અમુક રાજ્યોમાં કોરોના વાયરસે ફરીથી ચિંતા વધારે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી શનિવારે સવારે જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨૪,૮૮૨ નવા કેસ નોંધાયા છે. તેની સાથે ૧૯,૯૫૭ લોકો સાજા થયા છે. દેશમાં કોરોનાથી સાજા થવાનો દર હાલ ૯૬.૮ ટકા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૧૪૦ લોકોનાં મોત થાય છે. હાલમાં દેશમાં કોરોનાથી મોતનું પ્રમાણ ૧.૪ ટકા છે. દેશમાં કુલ મૃત્યાંક ૧,૫૮,૪૪૬ થયો છે. દેશમાં હાલ કોરોના વાયરસના ૨,૦૨,૦૨૨ સક્રિય કેસ છે. દેશમાં અત્યારસુધી કુલ ૧,૧૩,૩૩,૭૨૮ કેસ નોંધાયા છે, જેની સામે ૧,૦૯,૭૩,૨૬૦ લોકો સાજા થયા છે. દેશમાં ૧૨મી માર્ચના રોજ ૮,૪૦,૬૩૫ લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવી હતી. અત્યાર સુધી દેશમાં કુલ ૨.૨૫ કરોડ લોકોને વેક્સીન લગાવવામાં આવી ચૂકી છે.

મહારાષ્ટ્ર, પંજાબ, હરિયાણા, ચંડીગઢ, મધ્ય પ્રદેશ, ગુજરાત, દિલ્હી રાજસ્થાન આ એવા રાજ્યો છે જ્યાં કોરોનાના નવા કેસ સતત રોકેટ ઝડપે વધી રહ્યો છે. શુક્રવારે દેશમાં જે ૨૫૦૦૦ જેટલા નવા કોરોના કેસ સામે આવ્યા છે તેમાં મોટાભાગના આ રાજ્યોમાંથી છે.

## મહારાષ્ટ્ર, પંજાબ સહિત કેટલાક રાજ્યોમાં નાઈટ કર્ફ્યુ, સ્કૂલ-કોલેજ બંધ

**મહારાષ્ટ્ર, પંજાબ, મધ્ય પ્રદેશ, ગુજરાત, તમિલનાડ અને કર્ણાટકમાં સૌથી વધુ કેસ સામે આવી રહ્યાં છે**

ન્યુ દિલ્હી,તા.૧૩

દેશમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. દરેક પ્રકારના ઉપાયો છતાં ઘણા રાજ્યોમાં સ્થિતિ નિયંત્રણની બહાર થતી જોવા મળી રહી છે. દેશમાં લગભગ દોઢ મહિના બાદ એક દિવસાં ૨૪ હજારથી વધુ કેસ સામે આવ્યા. મહારાષ્ટ્ર, પંજાબ, મધ્ય પ્રદેશ, ગુજરાત, તમિલનાડ અને કર્ણાટકમાં સૌથી વધુ કેસ સામે આવી રહ્યાં છે. દિલ્હીમાં પણ નવા કેસોની સંખ્યા વધી રહી છે. પંજાબમાં ફરી એક વાર સ્કૂલો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રમાં કોરોનાની સ્થિતિ બેકાબૂ બનતાં ઔરંગાબાદ, નાગપુર, પરભણી અને પુણેમાં ફરી વાર લોકડાઉન લાદવામાં આવ્યો છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ હજારથી વધુ કેસ સામે આવ્યા છે. ઔરંગાબાદમાં કોરોનાના વધતાં કેસોને જોતાં વીકેન્ડ પર સંપૂર્ણ લોકડાઉન લગાવવામાં આવ્યું છે. નાગપુરમાં ૧૫થી ૨૧ માર્ચ સુધી લોકડાઉન રહેશે. આ દરમિયાન ખાનગી ઓફિસ બંધ રહેશે અને સરકારી ઓફિસ ૨૫ ટકા કર્મચારીઓ સાથે ચાલુ રહેશે. લોકડાઉન પહેલાં બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે.

પંજાબમાં રાજ્ય સરકારે ફરી સ્કૂલો બંધ કરવાનો નિર્ણય લીધો છે. ૧૩ માર્ચથી આ આદેશ લાગુ પડશે. આ દરમિયાન ૧૨માં ધોરણ સુધીની તમામ સ્કૂલો બંધ રહેશે. બીજી બાજુ, લુધિયાણા




પટિયાલા, મોહાલી અને ફતેહગઢ સાહિબ સહિત આઠ જિલ્લામાં નાઈટ કર્ફ્યૂ લગાવવામાં આવ્યો છે.

બીજી બાજુ, દિલ્હીમાં કોરોનાના કેસોની સંખ્યા વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૩૧ કેસ નોંધાયા હતા. શુક્રવારે દિલ્હીમાં દક્ષિણ આફ્રીકી કોરોના વાયરસ સ્ટ્રેનનો શંકાસ્પદ દર્દી સામે આવ્યો હતો. કેરળનો રહેવાસી આ દર્દી બુધવારે દક્ષિણ આફ્રીકાથી આવ્યો હતો. જ્યારે નવા સ્ટ્રેનની તપાસ માટે સેમ્પલ લેબમાં મોકલવામાં આવ્યા છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૭૭૫ કેસ

**૪૭૯ રિકવર થયા, બે વ્યક્તિના મોત નિપજ્યા : રાજ્યમાં કુલ ૨,૬૮,૭૭૫ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી : રાજ્યમાં દર્દીઓનો સાજા થવાનો દર ૯૬.૮૯**

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૭૭૫ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૪૭૯ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આજે બે વ્યક્તિના કોરોનાથી મોત નિપજ્યાં છે. જો કે, રાજ્યમાં કુલ ૨,૬૮,૭૭૫ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં દર્દીઓનો સાજા થવાનો દર ૯૬.૮૯ થઈ ચુક્યો છે.

આ ઉપરાંત ૧૯,૩૩,૩૮૮ વ્યક્તિઓનું પ્રથમડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. ૪,૮૭,૧૩૫ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૯૦,૮૨૯ વ્યક્તિઓનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી.

જો કે હવે ફરી એકવાર કોરોનાની સ્થિતી ગંભીર બની રહી છે. રાજ્યમાં બોટાદ અને ડાંગ એમ કુલ ૦૨ જીલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયેલ નથી. રાજ્યમાં કોવિડ-૧૯ ના ૭૭૫ દર્દીઓ નોંધાયા છે. અને રાજ્યભરમાંથી ૫૭૯ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

## મમતા ૧૫મીથી પ્રચાર શરૂ કરશે

કલકત્તા, તા.૧૩

નંદીગ્રામમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ઘાયલ થયેલા પશ્ચિમ બંગાળના સીએમ અને તૃણમુલ કોંગ્રેસ પાર્ટીના નેતા મમતા બેનરજી ફરી એક વખત ચૂંટણી પ્રચારમાં ઝંપલાવવા માટે તૈયાર થઈ ગયા છે. મળતી વિગતો પ્રમાણે મમતા બેનરજી ૧૫ માર્ચથી ચૂંટણી પ્રચાર શરુ કરસે.તેઓ ૧૫ માર્ચે પુરુલિયા, ૧૬ માર્ચે બાંકુરા અને ૧૭ માર્ચે ઝારગ્રામ વિસ્તારમાં ચૂંટણી સભાને સંબોધન કરશે. ઉલ્લેખનીય છે કે, મમતા બેનરજીને ગઈકાલે જ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને તેમના પગનુ પ્લાસ્ટર પણ દૂર કરવામાં આવ્યુ હતુ.આમ તો ડોક્ટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી હતી પણ મમતા બેનરજી ચૂંટણી જંગમાં ફરી ઝંપલાવવા માટે મકકમ છે.મમતા બેનરજી વ્હીલ ચેર પર બેસીને ચૂંટણી પ્રચાર કરે તેવી શક્યતા છે.

**સેનાને મોટી સફળતા મળી**

## શોપિયામાં હિઝબુલના ૭ આતંકીની ધરપકડ



શોપિયાં,તા.૧૩

જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળોને મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. શનિવારે શોપિયાંમાં હિઝબુલ મુજાહિદ્દીનના સાત આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી શસ્ત્રો પણ મળી આવ્યા છે. જમ્મુ-કાશ્મીર પોલીસે પણ તેની પુષ્ટિ કરી છે.

જમ્મુ-કાશ્મીર પોલીસે કહ્યું કે, 'શોપિયાંની પોલીસે નાકા પર ચેકીંગ કરતી વખતે સાત ઓન ગ્રાઉન્ડ કામદારોની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન બધાએ હિઝબુલ મુજાહિદ્દીન સંગઠન સાથે સંબંધ હોવાનું કબૂલ્યું હતું. તપાસ દરમિયાન તેમની પાસેથી હેન્ડ ગ્રેનેડ, એકે ૪૭ની મેગેઝિન અને ગોળીઓ મળી આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, સાત આતંકીઓ વિરુદ્ધ શોપિયાં પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

**પેટ્રોલિયમ પેદાશોના ભાવમાં વધારાની અસર**

## પેટ્રોલિયમના ઉત્પાદનોનો વપરાશ ફેબ્રુ.માં ૪.૯% ઘટ્યો

**ડીઝલ વધુ વપરાતું બળતણ છે, તેના વપરાશમાં ૮.૫%નું ગાબડું : તેનો વપરાશ માસિક ૬.૫૫ મિલિયન ટન થયો**

નવી દિલ્હી, તા.૧૩

દેશમાં પેટ્રોલિયમ ઉત્પાદનોના વધી રહેલા ભાવના પગલે પેટ્રોલ અને ડીઝલ બંનેની ડિમાન્ડમાં ગાબડું પડ્યું છે. દેશમાં પેટ્રોલિયમ ઉત્પાદનોનો વપરાશ ફેબ્રુઆરીમાં ૪.૯% ઘટીને ૧૭.૨૧ મિલિયન ટન થઈ ગયો છે. નોંધનીય છે કે દેશમાં ક્રૂડ તેલનો વપરાશ સપ્ટેમ્બર પછી સૌથી ઓછો જોવા મળ્યો છે. દેશમાં છેલ્લા એક મહિનામાં પેટ્રોલ ડીઝલના ભાવમાં બેફામ વધારો થતા પ્રજા બેહાલ બની ગઈ છે. દેશમાં પેટ્રોલિયમ ઉત્પાદનોનો વપરાશ ફેબ્રુઆરીમાં ૪.૯% ઘટીને ૧૭.૨૧ મિલિયન ટન થઈ ગયો છે. ડીઝલ દેશમાં સૌથી વધુ વપરાતું બળતણ છે. તેના વપરાશમાં ૮.૫%નું ગાબડું પડ્યું છે અને અત્યારે તેનો વપરાશ માસિક ૬.૫૫ મિલિયન ટન થઈ ગયો છે. બીજી તરફ પેટ્રોલનો વપરાશ ૬.૫% ઘટીને ૨.૪ મિલિયન ટન થઈ ગયો છે.

નેપ્થાના વપરાશમાં ફેરફાર થયો નથી પણ રોડ બનાવવા માટે વપરાતા બિટ્યુમેનનો વપરાશ ૧૧% જેટલો ઘટ્યો છે. આ બાજુ રાંધણ ગેસ, કે જેના ભાવમાં પણ બેફામ વધારો નોંધાયો છે, તેનું વેચાણ ૭.૬% વધ્યું છે.

# પૂર્વ વિદેશ પ્રધાન યશવંત સિંહા ટીએમસીમાં જોડાયા

**લાંબા સમયથી રાજકારણથી દૂર નેતા ફરી સક્રિય : મુખ્યમંત્રી મમતા બેનર્જી દિનેશ ત્રિવેદીને બદલે યશવંત સિંહાને રાજ્યસભામાં મોકલવાનું મન બનાવી શકે છે**

કોલકાતા, તા.૧૩

અટલ સરકારમાં નાણાં પ્રધાન અને વિદેશ પ્રધાન રહી ચૂકેલા યશવંત સિંહા તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયા છે. ભાજપમાંથી રાજીનામું આપ્યા બાદ યશવંત સિંહા ઘણા વખતથી સક્રિય રાજકારણથી દૂર હતા. શનિવારે સવારે યશવંત સિંહા કોલકાતા પહોંચ્યા હતા અને મમતા દીદીની પાર્ટીની સદસ્યતા લીધી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર મમતા બેનર્જી હવે દિનેશ ત્રિવેદીને બદલે યશવંત સિંહાને રાજ્યસભામાં મોકલવાનું મન બનાવી શકે છે.

ટીએમસીને જોઈન કર્યા બાદ યશવંત સિંહાએ કહ્યું હતું કે, "અટલજીના સમયે ભાજપ સર્વસંમતિમાં માનતો હતો પરંતુ આજની સરકાર માત્ર કચડીને જીતવામાં માને છે. અકાલી દળ, બીજેડી ભાજપથી અલગ થઈ ગયા



છે. આજે ભાજપ સાથે કોણ ઊભું છે? યશવંત સિંહાએ વધુમાં જણાવ્યું હતું કે, "નંદીગ્રામમાં મમતાજી પરનો હુમલો એક ટિપિંગ પોઈન્ટ હતો. તે પછી જ મેં ટીએમસીમાં જોડાવાનું અને મમતાજીને ટેકો આપવા નિર્ણય કર્યો હતો.' યશવંત સિંહાએ કોલકાતાની ટીએમસી ઓફિસમાં પાર્ટીનું સભ્યપદ લીધું હતું. યશવંત સિંહા છેલ્લા ઘણા સમયથી મોદી સરકારનો વિરોધ કરી રહ્યા છે. તેઓ ભાજપથી રોષે ભરાયા છે અને આજે તેઓ ટીએમસીમાં જોડાયા છે.

## એક દિવસમાં જ ૨૦ લાખથી વધુ કોરોનાની વેક્સિનનાં ડોઝ લગાવાયા

**દેશમાં કોરોના વાયરસ સામેના જંગમાં જોરદાર તેજી : ૩૦,૫૬૧ સત્રો દ્વારા રસીકરણ અભિયાનનાં ૫૬માં દિવસે ૧૨ માર્ચે ૨૦,૫૩,૫૩૭ લોકોને ડોઝ અપાયા**

નવી દિલ્હી, તા.૧૩

દેશમાં ચલાવવામાં આવી રહેલા રસીકરણ અભિયાન હેઠળ કોરોના વાયરસ વિરૂધ્ધ ચાલી રહેલા જંગમાં તેજી આવી છે, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયએ શનિવારે જણાવ્યું કે ૨૦ લાખથી વધુ કોવિડ-વેક્સિનનાં ડોઝની સાથે ભારતે શુક્રવારે એક જ દિવસમાં સૌથી વધુ રસીકરણ કર્યું.

આરોગ્ય મંત્રાલયનાં જણાવ્યા પ્રમાણે ૩૦,૫૬૧ સત્રો દ્વારા રસીકરણ અભિયાનનાં ૫૬માં દિવસે એટલે કે ૧૨ માર્ચે ૨૦,૫૩,૫૩૭ લોકોને વેક્સિનનો ડોઝ આપવામાં આવી ચુક્યો છે, તેમાં ૧૬,૩૯,૬૬૩ આરોગ્યકર્મીઓ અને ફ્રન્ટલાઈન વર્કર્સને રસીનો પહેલો ડોઝ મળી ચુક્યો છે, તે સાથે જ ૪,૧૩,૮૭૪ એચસીડબલ્યુ અને એફએલડબલ્યુને વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવી ચુક્યો છે, અત્યાર સુધી ૪,૮૬,૩૧૪ સત્રો દ્વારા વેક્સિનનાં કુલ ૨,૮૨,૧૮,૪૫૭ ડોઝ આપવામાં આવ્યા છે.

## રાકેશ ટિકૈત પ.બંગાળમાં પ્રચારમાં જોડાયા

નવી દિલ્હી, તા.૧૩

પોતાને બિનરાજકીય ગણાવનારા ખેડૂત નેતાઓ હવે ખુલીને પોલિટિક્સના મેદાનમાં ઉતરી આવ્યા છે. આ નેતાઓ ભલે ચૂંટણી ન લડી રહ્યા હોય પરંતુ બંગાળના રાજકીય અખાડામાં પ્રચાર માટે જરૂર ઉતરી આવ્યા છે અને લોકોને ભાજપ વિરૂદ્ધ મતદાન માટે અપીલ કરી રહ્યા છે. ખેડૂત નેતાઓના કહેવા પ્રમાણે ભાજપનો બહિષ્કાર કરીને સરકારનું ઘમંડ તોડવામાં આવે.

વિવિધ ખેડૂત સંઘોના સંગઠન સંયુક્ત ખેડૂત મોરચા (એસકેએમ)એ શુક્રવારે પશ્ચિમ બંગાળના ખેડૂતો અને અન્ય લોકોને આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને મત ન આપવા માટે વિનંતી કરી હતી. સંયુક્ત ખેડૂત મોરચાના કહેવા પ્રમાણે ચૂંટણીમાં મળનારી હાર કેન્દ્રની ભાજપા શાસીત સરકારને ત્રણેય નવા કૃષિ કાયદા પાછા લેવા મજબૂર કરશે.

Vશાલ
SUPER MARKETની આજ
સર્ફ એક્સેલ મેટ્રીક ફ્રન્ટલોડ
(૨ કિલો)
૪૩૦૦/-રૂ. MRP ૫૩૦/-
સેક્ટર-૬/કુડાસણ

**જોઈએ છે**
● કોમ્પ્યુટર ઓપરેટર
MS-Officeના જાણકાર તથા ઓછામાં ઓછું ગ્રેજ્યુએશન કરેલું હોવું જોઈએ.
● આર્કિટેક સુપરવાઈઝર
ઈન્ટીરયર વર્ક તથા બાંધકામની ડિઝાઈન કરી શકે તેવા.
પગાર ધોરણ : લાયકાત મુજબ
: સંપર્ક સ્થળ :
રાધે કોર્પોરેશન
ઈ-૧૯૯, જીઆઈડીસી, સેક્ટર-૨૬, ગાંધીનગર
મો. ૯૭૨૩૦ ૨૩૦૯૨
મો. ૯૭૨૩૦૨૩૦૯૮
: મળવાનો સમય :
સવારે ૧૦ થી ૧૧

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

ગાંધીનગર ગીફ્ટસીટી સ્થિત શેર બજાર કંપની માટે તાત્કાલિક જોઈએ છે
ગ્રેજ્યુટ લેડીઝ
પોસ્ટ-૫૦, ઉંમર ૩૦ વર્ષ સુધી
3 માસની ટ્રેનીંગ રૂા. 9000/- દર મહિને સ્ટાઈપેન્ડ સાથે
ત્યારબાદ આકર્ષક પગાર + ઓફર
સંપૂર્ણ બાયોડેટા સાથે ઈ-મેલ કરો
t.shah280973@gmail.com
9638280973

URGENT REQUIREMENT
(1) Production / QC Engineer (B.E./DME) - 01 No.
2 to 3 Years Experience in Production line & having knowledge of QC of various casting & machined parts, should be able to do QC on vendor end.
(2) ITI Fitter/Turner/Machinist/Electrician/ 12th Pass - 6 No.
2 to 3 Years Experience
Contact to bellow address with Bio-Data
Time : 10 AM to 4 PM
RAVI ELECTRONICS
E104/105 GIDC, Sector-26, Gandhinagar
Mobile No. 90168 76215

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.